હલામણ જેઠવો

અને

તેના ઉપલબ્ધ દુહાઓ

લખનાર તથા પ્રકાશક

રા. રા. આચાર્ય ગિરજાશંકર વલ્લભજી

કયુરેટર, વાટ્સન મ્યુઝિયમ રાજકોટ

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસ,

મુંબઈ

સંવત ૧૯૬૮ ઈ. સ. ૧૯૧૨

ગુજરાતી પ્રિંટિંગ પ્રેસમાં ઈ. સૂ. દેશાઇએ છાપ્યું.
સાસુન બિલ્ડીંગ્સ, કોટ,–મુંબઈ.

હલામણ જેઠવો.

તેના ઉપલબ્ધ દુહાઓ.

પ્રસ્તુત દુહાઓ શરૂ કર્યા પહેલાં (૧) હલામણ જેઠવા સંબંધી ટુંકી ઐતિહાસિક હકીકત અને (૨) દુહાઓને ઐતિહાસિક સાહિત્યમાં સાધારણ રીતે અપાતું સ્થાન, એ બે વિષય ઉપર પ્રસ્તાવિક થોડું ઘણું લખવું અસ્થાને નહીં ગણાય એમ મારૂં માનવું છે.

૨ **જેઠવા**—જેઠવા રજપુતો, કાઠીયાવાડ પ્રાંતમાં ઇ. સ. ૯૦૦–૧૦૦૦ વર્ષ લગભગમાં આવ્યાનું સાધારણ રીતે મનાય છે. કેટલાકનું એમ પણ માનવું છે કે તેઓ તેથી પણ વહેલા આ પ્રાંતમાં આવેલા હોવા જોઇએ. જો કે શિલાલેખ વગેરેમાં તો ઇ. સ. ૧,૨૦૦–૧,૩૦૦ પહેલાં કયાંઈ પણ જેઠવા રજપુતોનું નામ નિશાન જોવામાં આવતું નથી. તેઓ પહેલાં કચ્છને રસ્તે થઇને મોરબી આવ્યા હતા. રફતે રફતે તેઓ કાંઠા તરફ આગળ વધ્યા અને બેટ તથા દ્વારકાં જિતી લઈ છેવટ મીઆની (ણી) સુધી પહોંચ્યા. મીઆની છોડ્યા બાદ તેઓ બરડાના ડુંગરમાં આવેલા ધુમલીમાં વસ્યા. ધુમલી ઉજ્જડ થયા બાદ તેઓ રાણપુર ગયા અને ત્યાંથી નીકળીને છાંયા (પોરબંદર પાસે) માં પોતાની રાજધાની કરી. મોગલ સત્તા નબળી પડ્યા બાદ તેઓએ છાંયાને બદલે પોરબંદરમાં પોતાની રાજધાની કરી, જે આજ પર્યંત જેઠવાઓની રાજધાનીનું શેહેર છે.

૩ **ધુમલી**—હાલામણના સમયમાં જેઠવાઓની રાજધાની ધુમલી હતી તેથી તેની ટુંકી હકીકત આવશ્યક છે. ધુમલીને કેટલાક ભુમલી પણ લખે છે અને તેનું મૂળ સંસ્કૃત भूमृतपल्ली હશે, એમ મારા તીર્થસ્વરૂપ પિતાશ્રી આચાર્ય વલ્લભજી હરિદત્તે અટકળ કરી છે. ધુમલી એ બરડાના ડુંગરના ઈશાન કોણના છેડા ઉપર ઉત્તરમાં આવેલી છેલ્લી ખીણમાં ભાણવડથી ચાર માઇલને છેટે તેનાથી દક્ષિણમાં આવેલું હતું. ઉત્તરમાં તેની આડી ધાર આવેલી છે તેથી દૂરથી તે નજરે પડે તેમ નથી. તેમાં જવાનો રસ્તો વાયવ્ય દિશા તરફથી સાંકડી ખીણમાં થઇને જ છે. ત્યાં હાલમાં માલધારીઓ (મોટી સંખ્યામાં ભેંસો રાખવાવાળા)ની જ વસ્તી છે. તેઓ આઠ મહીના ચારાની અનુકૂળતા પ્રમાણે ફરતા ફરે છે અને માત્ર ચોમાસાના ચાર મહીના ત્યાં ઉભાં કરેલાં વાંસનાં ઝુંપડાંમાં આવીને રહે છે. મકાનો બધાં ખંડેર થઈ ગયાં છે તો પણ જેતાવાવ, નવલખો અને રામાપુરના દરવાજાનો અમુક ભાગ જર્જરિત સ્થિતિમાં ટકી રહેલાં ગયે વર્ષ હું જ્યારે ત્યાં ગયો હતો ત્યારે મેં જોયાં હતાં. કિલ્લાની બહાર ફરતાં કેટલેક ઠેકાણે ઉંડી ખાઇઓ જેવું દેખાય છે તે ઉપરથી અટકળ થાય છે કે, કિલ્લાની બહાર ફરતી ઉંડી ખાઈ હોવી જોઇએ. રામાપુરના દરવાજા બહાર ઘણા લેખવાળા પથ્થરો પડેલા છે, પણ તે બધા નવા પડતા પથ-

રોની નીચે દટાઈ જાય છે અને થોડા સમયમાં તો તેનું નામ નિશાન નહીં રહે એવો ભય રહે છે. તે બધાને બહાર કઢાવી ખુલ્લી જગ્યામાં ખોડાવી દેવાની પૂરી જરૂર છે અને તે બાબત અગાઉ પણ વોટસન મ્યુઝીયમના ગયા વર્ષના રીપોર્ટમાં મેં લાગતા વળગતાઓનું ધ્યાન ખેંચેલું છે. આ ધુમલી નાશ થવા માટેની જૂદી જૂદી લોકવાયકાઓ ચાલે છે. એક ઐતિહાસિક કારણ એવું મનાય છે કે જામ બામનીઓજીએ ઇ. સ. ૧૩૧૩ માં ધુમલીને ઘેરો ઘાલી જિતી લીધું. ભાણ જેઠવો તે ઉપરથી શેહેરમાંથી નાસીને રાણપુર આવ્યો અને ત્યાં રાજધાની કરી, જેને પરિણામે ધુમલી ઉજ્જડ થયું. બીજું કારણ એવું પણ કહેવામાં આવે છે કે ભાણ જેઠવાને સોન* કંસારણે સતી થતી વખતે શાપ દીધો કે ધુમલી ઉજ્જડ થશે, અને ફરી કદી વસશે નહીં.

૪ **હાલામણ** (હલામણ)–જેઠવાઓની પ્રમાણભૂત અને શૃંખલાબદ્ધ વંશાવળી જોકે આજ પર્યંત મળી નથી, તોપણ ભાટ ચારણોના ચોપડા વગેરે જૂદાં જૂદાં સાધનો ઉપરથી ઉપજાવેલી વંશાવળી કાઠીયાવાડ સર્વ સંગ્રહમાં આપેલી છે, તે પ્રમાણે ૧૧૧ મે નંબરે જેઠવા રાણા શિયાજીનું નામ આવેલું છે. તેને પોતાને પુત્ર ન હોવાથી પોતાના સ્વર્ગસ્થ ભાઈ ગજકર્ણ (ગજકરણ) ના પુત્ર હાલામણનું પોતે પુત્રવત્ લાલનપાલન કરતો હતો. તેજ સમયમાં બાલંભાના રાજા રાધસિંહજીને સોન નામની કન્યા હતી. તેને તેણે દેશાચાર પ્રમાણે ઉંચા પ્રકારની કેળવણી આપી હતી. પરિણામે તે કન્યાનો આગ્રહ એવો થયો કે પોતાને લાયક બુદ્ધિશાળી પતિ મળે તોજ પરણવું. બારોટ મારફત દુહાનું એક પાદ લખીને દેશપરદેશ મોકલ્યું અને તેનું બીજું પાદ પુરૂં કરી આપે તેને પરણવું એવી પ્રતિજ્ઞા લીધી. તે દુહાનું બીજું પાદ હલામણે પુરૂં કર્યું, જેથી તેણે હલામણને પરણવું નિર્ધાર્યું. પરંતુ દરમીયાનમાં હલામણનો કાકો શિયાજી સોનના રૂપગુણથી મોહિત થયો અને પોતે જ તેને પરણવાની ઇચ્છા કરી. તેટલા માટે તે દુહો પોતે જ પુરો કર્યો છે એમ સમજાવવા પ્રયત્ન કર્યો. સોન શાણી હતી તેથી તેણે બીજો દુહો મોકલ્યો જે શિયાજી પુરો કરી ન શકવાથી તેનો મનોરથ સિદ્ધ થયો નહીં અને સોન હલામણને પરણી. હલામણ થોડા દિવસ પછી શિકારે ગયો. ત્યાં શિયાજીએ તેની પાછળ વધૂને કેદ કરી અને હલામણને દેશવટો દીધો. હલામણે માન્યું કે દેશવટો ક્રોધના આવેશમાં અપાયો છે, તેથી થોડા સમય પછી ક્રોધ શાંત થયેથી પોતાને પાછો બોલાવશે. આવી માન્યતાથી તે આસપાસનાં ગામડાંઓમાં થોડો સમય ટળવળ્યો પણ પુરતી રાહ જોયા છતાં જ્યારે પાછું બોલવવાનું તેડું આવ્યું નહીં ત્યારે આશા મુકીને ચાલી નીકળ્યો. ચાલતે ચાલતે તે કચ્છમાં ગયો અને ત્યાંથી સિંધમાં ગયો. ત્યાં દેવળદેવી નામની પોતાની ફુઇની દીકરી સાથે પરણ્યો. શિયાજી સ્વર્ગસ્થ થયા બાદ હલામણને સોન રાણી શોધીને પાછો લાવી અને ત્યાર બાદ તે બન્નેએ દસ વર્ષ સુખશાંતિમાં ગાળ્યાં.

૫ **સોનરાણી** અને **સોનકંસારી** (કંસારણ)–બાલંભાના રાજાની કુંવરી કે જેને હલામણ પરણ્યો હતો તે સોનરાણી તરીકે ઇતિહાસમાં ઓળખાય છે; જ્યારે ધુમલીને શાપ દઈ ઉજ્જડ કરનાર તે સોનકંસારી હતી. સોનકંસારી માટે એમ

---

* સોન કંસારણ કોણ તે આગળ ઉપર વિસ્તારથી કહેવામાં આવશે.

કહેવાય છે કે–ભાણુ જેઠવો કે જે ઈ૦ સ૦ ૧૩૦૭ માં ગાદીએ બેઠો, તેના સમકાલીન શંખોદ્ધાર બેટના વાઘેલ રાજા દુદણસીને ઘેર તે અવતરી હતી. પરંતુ જોશીએ તેના ગ્રહ બેસારીને કહ્યું કે જો તે પુત્રી ત્રણ દિવસથી વધુ શેહેરમાં રહેશે તો શેહેર તથા વાઘેલા વંશનો નાશ થશે. આમ હોઇને તે પુત્રીને એક પેટીમાં પુરીને સમુદ્રમાં તરતી મુકી દીધી. તે પેટી ઘસડાતી ઘસડાતી મીઆની બંદરે ગઈ અને એક કંસારાની નજરે પડી. તે પેટી ઘેર લાવી ખોલતાં તેમાંથી કન્યા નીકળી જેને તેણે પાળીપોષી મોટી કરી. તે કન્યાને યુવાવસ્થા પ્રાપ્ત થઈ ત્યારે તેનાં સૌંદર્યનાં વખાણ ત્યાંના રાજા પ્રભાત ચાવડાને કાને પડ્યાં. તેણે તે કંસારાને બોલાવી તે કન્યાનાં પોતાની સાથે લગ્ન કરવાનું કહ્યું, પણ કંસારે તે માગણી નાકબુલ કરી અને ત્યાંથી પોતાનું સર્વસ્વ લઇને રતોવઈ નાઠો અને છેવટ ધુમલીમાં આવીને વસ્યો. પ્રસંગોપાત ભાણુ જેઠવાના સાળાનો દીકરો રાખાયત તે વખતે ધુમલીમાં આવ્યો હશે અને તેણે સોનને દીઠી. તેમ સોને પણ તેના માટે પક્ષપાત અનુભવ્યો. પોતાના કુળ માટે રાખાયતના મનમાં ખટક રહે છે તે જાણી સોન નીચેનો દુહો બોલી.

ઠાકોર મ* કરો ઠેકડી, અમે વાઘેલા વીઆ,
લખત અમારાં લઈ ગયાં, કરમે કંસારાં થયાં.

ભાવાર્થ:-હે ઠાકોર! મારી ઠેકડી કરો માં (મને હલકી જાણીને મારી અવજ્ઞા કરો માં) હું વાઘેલાનું છોકરું છઉં; મારાં લખત લઈ ગયાં તેથીજ દૈવવશાત્ હું કંસારણ થઈ છઉં.

રાખાયતના મનની તે શંકા દૂર થયાથી તે બન્નેનાં લગ્ન થયાં, પણ કમનસીબે રાખાયત તરતમાંજ લડાઇમાં મરાણો, એટલે સોન સતી થવાને તૈયાર થઈ. ભાણુ જેઠવાને આ ખબર પડતાં તેમ કરતાં તેને અટકાવી પોતાની સાથે પુનર્લગ્ન કરવાની માગણી કરી. સોનસતી આથી ગુસ્સે થઈ અને ધુમલી નાશ થવાનો શાપ દઈ પોતે સતી થઈ. આ સોનકંસારીના દેવળનાં ખંડેરો હજુ પણ ધુમલી પાસેના ડુંગર ઉપર જોવામાં આવે છે.

૬ **દુહા**–લેખનકળાને અભાવે કે બીજા ગમે તે કારણથી પ્રાચીન કાળમાં અભ્યાસ કરવાકરાવવાનો ક્રમ હાલનાથી તદ્દન જૂદા જ પ્રકારનો હતો. એક ગુરૂ એકી વખતે દસ બાર કે તેથી વધુ શિષ્યોને પુસ્તકાદિ સાધન વિના કેવળ મુખથી જ અધ્યયન કરાવતા. શિષ્યો પણ ગુરૂ પાસેથી મળેલી વિદ્યા બધી જીહ્વાગ્રેજ રાખતા, કારણ તે વખતે “ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે” એ સૂત્રનું સર્વાંશે અનુસરણ થતું. આ અધ્યયનપદ્ધતિને અનુકૂળ થાય તેવા હેતુથીજ ઘણાં ખરાં શાસ્ત્રો સૂત્રાત્મક અથવા તો પદ્યાત્મક રચાએલાં હોવાં જોઇએ, એમ અનુમાન થાય છે. અલંકાર, ન્યાય, વેદાંત આદિ શાસ્ત્રો તો ઠીક પરંતુ વ્યાકરણ જેવું ક્લિષ્ટ અને નીરસ શાસ્ત્ર પણ પાણિનીયે સૂત્રના રૂપમાં રચ્યું છે, એ હકીકતથી ઉપલા અનુમાનને સબળ ટેકો મળે છે.

---

* ‘મ કરો’ નું ‘મ’ એ સંસ્કૃતના નિષેધાર્થમાં વપરાતા ‘મા’ નું સ્મરણ કરાવે છે

૭ ઐતિહાસિક બીનાઓ તથા વૃત્તાંતોને લાંબા કાળ સુધી સાચવી રાખવા માટે દુહાઓ બહુ જ મદદરૂપ થઈ પડે છે. પદ્યાત્મક હોઇને તે સહેલાઇથી યાદ રહી શકે છે અને વંશપરંપરાને ઉત્તરોત્તર મળતો તે એક અમુલ્ય ખજાનો છે, એમ કહીએ તો તેમાં કાંઈ પણ અતિશયોક્તિ વાપરી કહેવાય નહીં. કેટલાકનું માનવું છે કે દુહાઓમાંથી ઐતિહાસિક હકીકત મળી શકતી નથી. કારણ કે તેમાં ખુશામત તથા અતિશયોક્તિનો બહોળે હાથે ઉપયોગ થયેલો હોય છે. દલીલ ખાતર કબુલ કરીએ કે તેમાં અતિશયોક્તિ હોય છે તો પણ એટલું તો કહ્યા વિના ચાલે તેમ નથી કે તે સુશોભિત અને આડંબરવાળી માલિકામાં સળંગ ઐતિહાસિક તંતુ અદૃશ્ય રહેલો હોવો જ જોઇએ. દાખલા તરીકે હલામણના દુહામાં હલામણ સોનરાણીને પરણ્યો તે સ્થળ સમયાદિકનું વર્ણન આલંકારિક હોય તોપણ હલામણને સોન નામની રાણી હતી એટલું ઐતિહાસિક તત્ત્વ તો નિર્વિવાદ સત્ય છે જ. એટલે દુહાઓને આલંકારિક લખાણમય જ માનનાર વર્ગના મતે પણ દુહાઓની શુદ્ધ નહીં તો મિશ્ર ઐતિહાસિક ઉપયોગિતા તો સિદ્ધ થાય છે જ.

૮ દુહાઓના ઐતિહાસિક ગૌરવનું આ પ્રમાણે ભાન થયા પછી તે તરફ જે ઉપેક્ષા રાખવામાં આવે છે, તેને માટે ઇતિહાસરસિક પુરૂષો બલ્કે સમગ્ર હિંદ-વાસીની શું ઓછી જવાબદારી છે? ગુજરાત કાઠીયાવાડમાં સ્થળે સ્થળે ભાટચારણો પાસેથી આવા દુહા, રાસા વગેરે મનમાનતી સંખ્યામાં મળી શકે તેમ છે. જૂદાં જૂદાં ખાતાંના અમલદારોને જૂદી જૂદી નોકરીના પ્રસંગે નાની મોટી જગ્યાઓમાં તથા ગામડાંઓમાં ફરવાનું થાય છે. તે તે પ્રસંગે તેવા અમલદારો, મારા બાલ-સ્નેહી રા. લલિતના શબ્દોમાં કહીએ તો “ ફુલ નહીં અને ફુલની પાંખડી ” એ ન્યાયે શક્તિ અને અવકાશ અનુસાર કંઈ કંઈ વાર્તાઓ, દુહાઓ, રાસાઓ વગેરે ભેળું કરતા જાય અને તે બધાંને કાં તો કોઈ પ્રાચીન શોધખોળની સંસ્થા મારફત અથવા હરકોઈ માસિક કે વર્તમાન પત્રદ્વારા પ્રસિદ્ધિમાં મુકતા જાય, તો સ્હેજ-સ્હેજમાં ખાસ મેહેનત કે ખર્ચ કર્યા વિના સમગ્ર પ્રજા ઉપર ઘણો ઉપકાર થઈ શકે તેમ છે. અલબત્ત જો કે પ્રસિદ્ધિમાં આવે તેવી વાર્તાઓ તથા દુહાઓમાંથી નીર અને ક્ષીર જૂદાં પાડી ક્ષીરના સત્ય સ્વરૂપનું ભાન કરાવવારૂપી ભગીરથ કાર્યનો બોજો તો તેવા વિષયોમાં રચ્યાપચ્યા રહેતા વિદ્વજ્જનને માથે જ રહેશે.

૯ પ્રત્યેક પરોક્ષ વ્યક્તિ ઉપર આધાર રાખવા કરતાં ગુજરાતી સાહિત્ય પરિષદ્ જેવી કોઈ સંસ્થા તેવું સાહિત્ય ભેળું કરવાનું માથે લે તો તે કાર્ય કેવી સંગીન રીતે પાર ઉતરી શકે, એ તો સહેલાઇથી સમજી શકાય તેવું છે. પરિષદ્‌ની બેઠકો વખતે હાલમાં રાખવામાં આવતા કેટલાક રમતગમતના તથા આડંબરમય અન્ય કાર્યક્રમોને બદલે (અથવા ઉપરાંત) આવા સંગીન કાર્યની કોઈ યોજના થાય તો તો આપણાં અહોભાગ્ય જ સમજવાં. પ્રસંગોપાત્ત મને જણાવવાને ખુશાલી ઉત્પન્ન થાય છે કે તન, મન અને ધનથી સાહિત્યની સેવા બજાવવાને સર્વથા તત્પર રહેતા રા. રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ આવું સાહિત્ય ભેળું કરવાની એક ઉત્તમ યોજના ઘડી છે. તે યોજનાને પ્રભુ સર્વાંશે અનુકૂળતા આપે એવી પ્રાર્થના છે.

૧૦ આટલું પ્રસ્તાવિક લખ્યાબાદ નીચે આપેલા દુહાઓ સંબંધી કેટલીક નોટ તથા સમજુતી આપી પ્રસ્તુત વિષય શરૂ કરીશ.

૧૧ ઉચ્ચારાનુસાર જ લેખનપદ્ધતિ મને વધારે અનુકૂળ લાગવાથી તેમ જ દુહાઓની ગ્રામ્ય રસિકતા તેમ લખવાથી જ સચવાઈ રહે તેમ હોવાથી તે જ પદ્ધતિ ગ્રાહ્ય કરી છે. તો પણ વધુ પડતા કિલષ્ટ કે દેશી પ્રયોગો તથા શબ્દોનાં આધુનિક રૂપ કૌંસમાં મુક્યાં છે.

૧૨ નોટ તથા સમજ જૂદી લખવાના કરતાં દરેક દુહાની નીચે તેની નોટ તથા ભાવાર્થ મુકવાથી વધારે સરલતા થશે એમ ધારી તેમ કર્યું છે.

૧૩ જ્યાં જ્યાં શબ્દાર્થ કે ભાવાર્થ સ્પષ્ટ નથી ત્યાં ત્યાં શંકાની નિશાની કરી છે.

૧૪ વીસમી સદીના મનુષ્યને ઉપલબ્ધ સેઇફ કે તીજોરીના જેવાં ધન સાચવી રાખવાનાં સાધનો પ્રાચીન કાળમાં દુર્લભ્ય હોવાથી જેમ પ્રાચીન કાળમાં સાચવેલા ધનાદિકમાં ધૂળ્ય, મેલ, કાટ વગેરેનું મિશ્રણ જોવામાં આવે છે, તેવી જ રીતે ગ્રામ્ય અને પ્રાયશઃ અભણ ભાટચારણોથી સચવાઈ રહેલા આ દુહાઓમાં પણ અશુદ્ધતા તથા કિલષ્ટાર્થિતાનું મિશ્રણ હોવું જ જોઇએ અને છે જ. તેમ છતાં આંહિતો જે સ્થિતિમાં ઉપલબ્ધ થયા છે, તે જ સ્થિતિમાં મેં મુકયા છે અને આશા રાખું છઉં કે જેની જેની પાસે તેવો સંગ્રહ હોય તેઓએ આની સાથે સરખાવી શુદ્ધ પાઠ પ્રસિદ્ધિમાં લાવવો કે જેથી કરીને આ સંગ્રહમાં શબ્દાર્થ અને કેટલેક ઠેકાણે તો ભાવાર્થ પણ બંધ બેસાડવામાં જે મુશ્કેલીઓ નડી છે તે દૂર થાય.

પ્રસ્તુત દુહાઓ.

પરીક્ષિત પુરૂષને જ પતિ તરીકે ગ્રાહ્ય કરવો એવી ઇચ્છાથી સોને એક દુહાનું પૂર્વાર્ધ રચીને પોતાના બારોટને આપ્યું અને તેનું ઉત્તરાર્ધ કરનારને હું વરીશ એવી પ્રતિજ્ઞા લીધી તે પૂર્વાર્ધ નીચે મુજબ હતું.

ઘડવણ ઘડ્યા એરણ આભડ્યાં નહીં;

ભાવાર્થ–(એવી કઈ ચીજ છે કે) જેને એરણનો સ્પર્શ થયો નથી તેમ બીજી કોઈ પણ રીતે ઘડાયાં નથી (છતાં ઘડેલ જેવાં લાગે છે).

બારોટ તે પૂર્વાર્ધ લઇને જુવાન અને કળાકૌશલ્યવાળા સુરસિંહજી પાસે ગયો અને તેનું ઉત્તરાર્ધ રચવા માટે વિનંતિ કરી. સુરસિંહજી મુદ્દત ઉપર મુદ્દત નાંખે ગયો તેથી સોને બીજો દુહો તેને તાકીદ આપવા માટે મોકલ્યો.

સુરા સારસ જેમ બગવારે બેસી રહો (હયો)
હોયે તો કેને હા નહીં તો નાકારો ભલો.

ભાવાર્થ–હંસ જેવા સુરા! તું બગલાની પેઠે કેમ (મુંગો) બેસી રહ્યો છે, (ઉત્તરાર્ધ પુરૂં કરી શકાય તેમ) હોય તો હા પાડી દે અને નહીં તો (પછી)ના પાડવી વધારે સારી છે.

સુરસિંહજીએ તે ઉપરથી બારોટને કેટલીક ભેટો આપીને વિદાય કર્યો. બારોટ બીજા ઘણાખરા રજવાડાઓમાં ફરી વળ્યો પણ બધેથી નિષ્ફળ થઈ ભટકી ભટકીને

નિરાશ થઇને પાછો આવ્યો. સોને પણ પરિણામે ચિતા ખડકાવી બળી મરવાનો નિશ્ચય કરી પિતાની અનુજ્ઞા માગી. પિતાએ ફરી એક વાર પોતે તજવીજ કરે તેટલો વખત ખમી ખાવાનું કહ્યું. તેણે તેટલા માટે દરબાર ભરીને બધાનો અભિપ્રાય માગ્યો ત્યારે એક ગઢવી નીચેનો દુહો સભા સમક્ષ બોલ્યો.

બારોટ જાને બરડે જ્યાંહાં વસે સિયો સુજાણ;
અધુરાં પુરાં કરે દીયે ઘોડાનાં દાન.

ભાવાર્થ—હે બારોટ! તું બરડામાં જા કે જ્યાં ડાહ્યો એવો શિયો રાજા વસે છે તે તારો અધુરો દુહો પુરો કરશે અને ઘોડાનાં દાન દેશે.

શિયાજી રાણાના દરબારમાં આવીને બારોટે તે અરધો દુહો રજુ કર્યો, પણ શિયાજીથી તે પુરો કરાણો નહીં, તેથી તે તેણે પાછો આપ્યો જેથી બારોટ નિરાશ થઈ પાછો ફર્યો. આભપરામાં રહેતા શિયાજીના ભત્રીજા હલામણે તે બારોટ રાજબારોટ છે એમ તેને જોઇને અટકળ કરી અને તેને ઉપર બોલાવી તેની ગ્લાનિનું કારણ પૂછ્યું. બારોટે અથથી ઇતિ સૂધીનો બધો વૃત્તાંત કહ્યો, ત્યારે હલામણે તે અધુરો દુહો માગ્યો. દુહો વાંચીને તરત તે પુરો કરી દેવાનું વચન આપ્યું. બારોટને થોડો સમય રોકીને હલામણે તે દુહાનું ઉત્તરાર્ધ લખી આપ્યું તે નીચે મુજબ હતું.

સરવણ સ્વાતતણાં મળે તો મોતી નીપજે.

ભાવાર્થ:—(તે ચીજ મોતી છે અને) તે સ્વાતિ નક્ષત્રમાં ઝીણો વરસાદ પડે તો (પડવાથી) નીપજે છે.

આ પ્રમાણે દુહો પુરો કર્યાના ખબર શિયાજીને પડવાથી તેણે તે બારોટને બોલાવી ખૂટવીને તે દુહા તળે શિયાજીએ પુરો કર્યો એ મતલબનું લખા આપ્યું અને રૂબરૂમાં પણ તેમ જ કહેવા કહ્યું.

ઉપર તથા નીચેના અક્ષરોમાં ફેરફાર લાગવાથી સોને શંકાશીલ થઇને બારોટને પૂછી જોયું પણ તેણે પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું કે કાંઈ પણ કપટ કે ફરેબની શંકા રાખવા જેવું નથી. તેથી સોને લગ્નની તૈયારી કરવા માટે પિતાને વિજ્ઞપ્તિ કરી. તાબડતોબ લગ્નની તૈયારી કરવાનો હુકમ થયો અને ઓઝણું મોકલવા માટે શિયાને કંકોતરી લખાણી. થોડા દિવસમાં ઓઝણું આવી પહોંચ્યું અને વેવાઇનાં માણસોની અચ્છી રીતે ખાતરબરદાશ કરવામાં આવી. ત્યારબાદ સોન, તેનો પિતા, તથા ઓઝણું એ બધાં સાથે બાઈની લગ્નની વિધિ ધુમલીમાં પૂર્ણ કરવા વાસ્તે નીકળ્યાં.

સુરસિંહજીને આ ખબર પડી, ત્યારે તેણે શિયાને ન પરણવાની સલાહ દેવા માટે સોનને નીચેનો દુહો મોકલ્યો.

ખારાં પાણી ખર મઠાં દાઈ વાળો દેસ;
સોન મ જાજે જેઠવે બરડાથી આદેસ (?)

ભાવાર્થ:—(બરડામાં) પાણી ખારાં છે, ખડ માઠાં (ઓછાં) છે; તે દેશ દાઇથી ભરેલો છે. હે સોન! તું જેઠવાને જઇશ (પરણીશ) માં. 'બરડાથી આ દેસ' એ ભાગનો અર્થ સ્પષ્ટ તેમ જ અનુકૂળ નીકળતો નથી. પ્રથમ તો તે શબ્દોના

જૂદા પાડવામાં જ મુશ્કેલી છે. નીચેના ત્રણ અર્થમાંથી કયો વધારે પસંદ કરવો તે વિચારવા જેવું છે. (૧) બરડાથી આ દેશ—બરડાથી (બરડા કરતાં) આ દેશ (એટલે સુરસિંહજીનો પોતાનો દેશ) વધારે સારો છે. (૨) બરડાથી આ દેશ ત્હારે મન ન્હાનો બરડો તે એક મોટો દેશ થયો લાગે છે. ૩ બરડાથી આ દેશ—બરડામાંથી આ દેશ (સંદેશો). આ ત્રણમાંથી તે દુહાના જવાબ આપેલો સોનનો દુહો જોતાં સૌથી વધુ બંધબેસતો પહેલો અર્થ આવે છે.

સુરસિંહજીના દુહાના પ્રત્યુત્તરમાં સોને નીચેનો દુહો મોકલ્યો.

સુરા તું કે (કહે) છો (છે) ભેદ સુજાણ તુંને અક્ષર કોઈ ઉકલ્યો નહીં,
અધુરાં પુરાં કરવાં સોનલનાં સરજ્યાં નહીં.

ભાવાર્થઃ—હે ડાહ્યા સુરા! તું જે (શિયા અને તારી વચ્ચે અગર 'બરડાથી આ દેશ' તેના ઉત્તર તરીકે લઇએ તો બરડા અને તારા પોતાના દેશ વચ્ચે) ભેદ બતાવે છે તે તો ઠીક પણ તુંને એકે અક્ષર ઉકલ્યો નહીં (મોકલેલા દુહાનો) સોનના દુહાનું ઉત્તરાર્ધ પુરૂં કરવું તારા નસીબમાં સરજ્યું નહીં હોય.

સોન વગેરે ધુમલીને પાદર પહોંચ્યાં, ત્યારે શિયાજીને વધાઈ મોકલી અને શિયાએ પણ લગ્નની તૈયારી કરાવી. રાધસિંહજીએ જોશીદ્વારા લગ્નનું સુમુહૂર્ત જોવરાવ્યું, પણ સોનનું મન હજુ શંકાશીલ હોવાથી તેણે પિતાને વિજ્ઞપ્તિ કરીને લગ્નની વિધિ એવી રીતે ગોઠવાવી કે તે બે દિવસે પુરી થાય. લગ્નમંડપની એવી ગોઠવણ કરાવી કે નિજ મંડપમાં દાખલ થતાં પહેલાં અમુક દોઢીઓએ થઇને જ અંદર જવાય અને તેવી દરેક દોઢીએ એકેક સખીને ઉભી રાખી.

શિયો રાણો ધુમલીમાંથી નીકળી વાજતે ગાજતે કુટુંબ મિત્રમંડળ સહિત લગ્નમંડપ પાસે આવ્યો. હલામણ માંદગીનો ઢોંગ કરીને સાથે આવેલો નહોતો. પહેલી દોઢી (દરવાજા) એ પહોંચ્યા ત્યારે સખીએ કહ્યું કે હું સોનને જાહેર કરૂં ત્યાં સૂધી ઉભા રહો. સોને નીચેનો દુહો તે સખી સાથે મોકલ્યો અને હુકમ કર્યો કે તે દુહાનો સામો જવાબ આપે તો જ અંદર દાખલ થવા દેવા.

સીયા (શિયા) સરોવર દેખાડ જીહાં (જ્યાં) પાણી નકર (નકે) પાળ;
તાસ તણે કોલાં ભરે પંખી વળુ ભુડાળ (?)

ભાવાર્થ—હે શિયા! એવું સરોવર દેખાડ્ય કે જ્યાં પાણી કે પાળ નથી. (ઉત્તરાર્ધનો ભાવાર્થ સમજાતો નથી.)

દુહાનો અર્થ શિયાજી સમજી શકયો નહીં તેથી તેણે પોતાના વજીરને હલામણ પાસે મોકલી, અર્થ જાણી લાવી, કાનનું ઘરેણું ચીત્રીને જવાબ તરીકે મોકલાવ્યું

બંધબેસતો જવાબ આવવાથી પહેલી દોઢીમાં શિયાજીને પ્રવેશ કરાવ્યો. બીજી દોઢીએ પણ પ્રથમની માફક જ બીજો દુહો સોને મોકલાવ્યો.

જીહાં (જ્યાં) પવન ન સંચરે પંખી ન બેસે ડાળ;
તે સ્વાત તણાં ફળ મોકલો સાચા શિયા રાય.

ભાવાર્થ—હે શિયા! તમે સાચા હો તો સ્વાતનાં (સ્વાતિ નક્ષત્રમાં નિપજતાં)

ફળ મોકલો કે જ્યાં (જેના ઝાડ ઉપર) પવન લાગતો નથી તેમ જેની ડાળ ઉપર પંખી બેસતું નથી.

આ દુહાનો પણ પ્રથમ માફક જ શિયાજીએ જવાબ મંગાવીને પોતાના તરીકે નીચે પ્રમાણે રજુ કર્યો.

માતા વસે મેરામણે પિતા વસે કૈલાસ;
જુનાં જોઇએ તો મોકલું નવાં તો આશ્વિન માસ.

ભાવાર્થ–તમે માગ્યાં તે ફળ જુનાં જોતાં હોય તો મોકલું. નવાં જોતાં હોય તો તે તો આસો મહીનામાં મળી શકશે. કારણ તેની મા (માછલી) દરિયામાં વસે છે અને બાપ (મેઘ) કૈલાસમાં વસે છે.

આ જવાબ પણ સોને કબુલ રાખવાથી બીજી દોઢીમાં શિયાનો પ્રવેશ થયો. ત્રીજી દોઢી પાસે આવી પહોંચ્યા ત્યારે હવે મોડું થઈ ગયું છે એમ નિમિત્ત કાઢીને ક્રિયા વળતા દિવસ સૂધી મુલતવી રખાવી. દરમીયાનમાં વળતે દિવસે સવારમાં સૂર્યનારાયણની પૂજા માટે સ્નાન કરવા સારુ સોને પોતાની સખીને પાણી ભરવા મોકલી. તે જેતાં વાવ નામની હજુ સૂધી ટકી રહેલી વાવમાં પાણી ભરવા ગઈ. સુભાગ્યે તેજ સમયે હલામણની ચાકરાણી પણ ત્યાં પાણી ભરવા આવી હતી. તેણે સમયસૂચકતા વાપરીને સોનની સખીને ઓળખી ત્યારે તરત નીચેનો દુહો સંભળાવ્યો.

બાંધી મુઠી લાખની, ઉઘાડી વા ખાય,
હાલામણ દુહા પાલટે, સોન શિયાને જાય.
સોન* શિયાને જાય તે અડી, બાપ દીકરાની વહુ લે ઝડી.

ભાવાર્થ–મુઠી બાંધી હોય ત્યાં સૂધી લાખની સમજવી. કારણ ઉઘાડીએ તો કળાઈ જાય, (મતબલ કે કાંઈ પણ ગુપ્ત વાત બહાર ન પાડીએ ત્યાં સૂધી બહુ ઉપયોગી ગણાય છે. પણ બહાર પાડીએ એટલે પછી તેની કિંમત રહેતી નથી.) હલામણ દુહા પુરા કરે છે. અને સોન પરણે છે શિયાને. (એ કેવો અન્યાય) આ તો બાપ (કારણ હલામણને શિયા રાણાએ દીકરાની માફક જ ઉછેર્યો હતો.) દીકરાની વહુ ઝડફી (અન્યાયથી લઈ) લે છે.

સખી તે દુહો સાંભળીને ત્વરાથી સોન પાસે આવી અને મુઠી વાળીને ઉદાસીન ચહેરે ઉભી. સોને તેને જોઇને નીચેનો દુહો કહ્યો.

કાંહાં રે બાની ધળધલી, બાંધી મુઠી ખોલ,
બાની આવી તું બરગતી (બરકતી) માનાવંતીને મહોલ.

ભાવાર્થ–હે બાની! તું ધળધલી કેમ થઈ ગઈ છે. જે હોય તે કહી દે, માનાવંતીને મહોલ તું (છેટથી) બરકતી આવી (તેથી કાંઈ પણ ઉપયોગી કહેવું હશે એમ અટકળ થાય છે.)

---

* ભાટ ચારણો દુહા બોલે છે તે આમ જ બોલે છે એટલે કે ચોથું પાદ જરા ફેરવીને પાંચમા તરીકે બોલી તેની સાથે પ્રાસમાં બંધ બેસતું છેલ્લું (છઠ્ઠું) પાદ બોલે છે. આ ઢબ શ્રોતાજન ઉપર વધારે અસર કરે છે.

બાનીએ જવાબ દીધો કેઃ-

બાઈ અમને બાંની વઢી વાવે ભરતાં નીર,
એક વચનને કારણે સુકી ગયું શરીર.

ભાવાર્થ-હું વાવે પાણી ભરવા ગઈ હતી, ત્યાં એક બાની મને વઢી અને એવું એક વચન કહ્યું કે જેથી મ્હારૂં શરીર સુકાઈ ગયું.

આટલું કહી તેણે તે દુહો સોન આગળ ફરી કહી સંભળાવ્યો. સોન તે સમજીને અનહદ ગુસ્સે થઈ અને શિયા પ્રત્યે નીચેનો દુહો શાપના રૂપમાં લખીને મોકલ્યો.

શિયા તુંને સાપ ખાય* કાળા કરંડ† માંહેલો
તમે અમારા સસરા હાલામણ ભરથાર

ભાવાર્થ-મારી સાથે જે દગલબાજી વાપરી છે તેને માટે હે શિયા! તુંને કાળા કરંડીયામાંહેલો સાપ ખાય; (એમ હું ઇચ્છું છઉં કારણ તો જ તને ઘટતી શિક્ષા થાય) તમે તો અમારા સસરા થાઓ છો જ્યારે ભરથાર તો હલામણ છે.

આ દગલબાજીમાં બારોટનો પણ હિસ્સો હતો તેથી તેને નીચેનો દુહો મોકલ્યો.

કાગળ લખેલ કુડના, લઈ ચારણીયે છેતર્યા,
ખૂણો ખૂટેલ દેશ, જેઠવા જાણેલ નહીં.

ભાવાર્થ-કુડ (કપટ)ના લખેલ કાગળ લઇને હા! ચારણીયા (ચારણનું અપમાન વાચકરૂપ) તેં અમને છેતર્યાં; જેઠવા અમે જાણ્યું નહોતું કે આ દેશ આખો (ખૂણ ખાચરા સહિત) આમ ખૂટેલ હશે.

તો પણ તેના ઉપર દયા રાખી બીજું કાંઈ નુકશાન કર્યા વગર દેશપાર જવાનો હુકમ કર્યો. પછી સોને પોતાની વિશ્વાસુ દાસી સાથે નીચેનો દુહો હલામણને (વધુ ચકાસવાની ઇચ્છાથી) મોકલ્યો.

માંહે લીલું ને બાર (બહાર) સુકું ત્રંબક વરણું જેહ,
સમજી તે ગજકરણના અમને એ જનશું દે.

ભાવાર્થ-અંદર લીલું અને બહાર સુકું, અને જેનો ત્રાંબાના જેવો રંગ છે તે શું તે હે ગજકરણના (પુત્ર)! તું સમજી લે અને તે અમને દે.

દુહો લઈ જનાર દાસીનો આદરસત્કાર કરી વિદાય કરતી વખતે તેને નાળીએર આપ્યું અને સોન તરફથી સામું નાળીએર લેવાને પોતાનું માણસ સાથે મોકલ્યું હલામણે લગ્નના સમારંભ માટે શિયાજીની પરવાનગી લીધી અને વરઘોડો લગ્નમંડપે જઈ પહોંચ્યો. શિયાજી તેમાં સામેલ રહ્યા નહીં. જેવી રીતે શિયાજીને એકેક દુહો પુછીને સંતોષકારક જવાબ મળેથી અંદર જવાની પરવાનગી મળી હતી તેમ આને પણ પહેલે દરવાજે નીચેનો દુહો સોને મોકલ્યો.

ઘડપંખો ને ઉડણો જેનાં ગીરમાં ગામ
વર પહેલો તોરણ ચડે એ કારીગરનાં કામ.

---

* ખાય એ કરડવાના અર્થમાં છે. † કરંડ તે કરંડીયાનું ટુંકું રૂપ છે.

ભાવાર્થ—ઘડીબંધ જેની પાંખો છે, જે ઉડે છે અને જેનું ગીરમાં ગામ (રહેઠાણ) છે, જે વરની પહેલાં તોરણ ઉપર ચહડે છે અને જેને (જેની પ્રતિકૃતિ) કારીગર બનાવી શકે તે શું. (?)

જવાબમાં હલામણે લાકડાનો મોર મંગાવીને મોકલ્યો તેથી પહેલી દોઢીમાં દાખલ થયો. બીજી દોઢીએ આવ્યો ત્યારે નીચેનો દુહો મોકલ્યો.

ધરા ઉપર ભરીયાં ધ્રો, ગગનાસર બાંધ્યું ગલે (ળે)
પવને પેખ્યું નહીં, મછલે જળ માણુસ નહીં •

ભાવાર્થ—બહારના ભાગ (ધરા) ઉપર ધ્રોનાં જેવાં જેને રૂછડાં છે અને જેના ગળામાં (અંદર) એવું સ્વર્ગીય સરોવર ભર્યું છે કે જે (ના પાણી)ને પવને દીઠું નથી (હલાવ્યું નથી) અને જેને માછલાંઓએ ભોગવ્યું નથી (અંદર રહીને); (એવી જે ચીજ હોય તે મને મોકલી દે).

હલામણે જવાબમાં નાળીએર મોકલ્યું અને તે સંતોષકારક લાગવાથી તેને ત્યાર પછીની દોઢીએ આવવા દીધો, જ્યાં ફરી નીચેનો દુહો તેને મોકલ્યો.

અગ્નિ કીનારે નીપજે ગોરલ રાતે દંત (?)
નારીએ નર બાંધીઓ તેની કર વિમાસણ કંથ.

ભાવાર્થ—જે અગ્નિમાં (વડે)નીપજે છે..........?, અને જેને નર જાતિનાને નારી જાતિ પહેરે છે તેનો હે કંથ! વિચાર કર (અને તે મોકલી દે).

હલામણે તેના જવાબમાં અકોટો મોકલી દીધો, જેથી ત્યાર પછીની દોઢીએ આવ્યો ત્યારે નીચેનો દુહો મોકલ્યો.

લંક લપેટણ, સીતહર, નહિ લંકાપતિ રાઓ
જે કારણ કૈરવ દલ હણ્યા તે મોકલો મોરા (મારા) રાઓ.

ભાવાર્થ—જે લંક (સાથળનો ભાગ) ઉપર લપેટવામાં કામ આવે છે, જે *સીતહર (ઠંડી હરનાર-સીતાનું હરણ કરનાર) છે છતાં હે રાજા! તે લંકાપતિ (રાવણ) નથી, જેને માટે કૈરવનું દળ હણાણું તે હે મારા રાજા! મને મોકલો.

જવાબમાં હલામણે રેશમી સાડી મોકલી અને ત્યાર પછીની દોઢીએ નીચેનો દુહો મોકલ્યો.

થડ થોડો ને પ્રગટ ઘણો, પાને પાને હલંત (?)
સોનલ આવી સારવે (?) કાઢો વસાણું કંથ

ભાવાર્થ—થડ એટલે મૂળ વસ્તુના પ્રમાણમાં તેનો (પ્રગટ) ફેલાવ ઘણો વધારે છે (અંતર થોડું છતાં તેની ખુશબો ઘણા ભાગમાં પ્રસરે છે) પાને પાને હલંત

---

* આ દુહો એક સારા કવિની કૃતિની બરોબરી કરી શકે તેવો છે. કારણ (૧) સીતહર શબ્દનો શ્લેષ ઉત્તમ રીતે સ્પષ્ટ મુકયો છે અને તે ઉપર કૌંસમાં સમજાવેલ છે. (૨) દ્રૌપદી વસ્ત્રહરણનો ઉલ્લેખ કર્યો છે. (૩) લંક એ લંકાનું ટુંકું રૂપ લઇએ તો લંકા એટલે લંકાની પ્રજા તેને લપેટણ એટલે લપેટીને બેસનાર અર્થાત્ રક્ષણ કરનાર રાવણનો અર્થ નીકળે અને તે પણ શ્લેષ લેવાય તેમ છે.

અને સોનલ આવી સારવે એ બન્નેનો અર્થ સમજાયો નથી (?) એ વસાણું હે કંથ! તમે મોકલો.

જવાબમાં તેણે અતર અને કપુરની બાટલીઓ ભરીને મોકલી જે ઉપરથી સોને વળી એક નીચેનો દુહો મોકલ્યો.

અણીઆળાં ને ભમરમુખાં નારી વાલાં (વહાલાં) જેહ,
સમજી લે ગજકરણના અમને એ જનશું દે.

ભાવાર્થ—અણીવાળાં, ભ્રમરના (મો) જેવાં અને જે સ્ત્રીઓને વહાલાં હોય છે તે શું, તે હે ગજકરણના (સુત)! તું સમજી લે અને તે અમને દે.

હલામણે જવાબમાં પાનબીડાં મોકલ્યાં. આ પ્રમાણે બધા દુહાના સંતોષકારક જવાબ મળ્યા તેથી સોન બહુ ખુશી થઈ અને વચ્ચેનો અંતરપટ ખેસવાવીને વરમાળા પોતે હાથમાં લઇને હલામણને પહેરાવી. ત્યારબાદ હલામણ અને સોન મંડપમાં બેઠાં અને બ્રાહ્મણોએ ક્રિયા કરાવી અને તે પ્રમાણે લગ્નવિધિ પુરી થઈ. પછી વરકન્યા વરઘોડાના રૂપમાં વાજતે ગાજતે વરના મહેલ તરફ ચાલ્યાં અને ત્યાં પહોંચ્યાં ત્યારે સોન, હલામણને તથા તેના મહેલને જોઇને, નીચેના દુહા બોલી.

નવરો દીનોનાથ હરખે હાલામણ ઘડયો,
તે આવી બેઠો પાસ બહુતેર બરડાનો ધણી.
મોતીની માળા હૈયે તારા હાલામણા,
કંકોલેલ કાયા જુવાની તારી જેઠવા.

ભાવાર્થઃ–ખરેખર હલામણને પ્રભુએ નવરાશની વેળાએ ઉલ્લાસથી બનાવ્યો હશે એમ લાગે છે. તેવો હલામણ જે બહુતેર* બરડાનો ધણી છે તે મારી પાસે આવીને બેઠો છે. (હલામણને ઉદ્દેશીને) તારા હૈયામાંની મોતીની માળા, કંકોલેલ† એવી તારી કાયા અને તારી જુવાની; (એ બધાં અપ્રતિમ છે).

સાયંકાળે પુત્રીને હાથઘરણામાં (Dowery) આપવાની ચીજો સોનને આપીને તેનો પિતા અરસપરસ રજા લઇને પોતાની નગરી ભણી ચાલ્યો.

સોન રાણીની મોહિનીમાં ફસાયેલ હલામણ સઘળું રાજકાજ તેમ જ અન્ય વ્યવહારપ્રકરણ આટોપીને રાજમહેલમાં જ રાત અને દહાડો રહેવા લાગ્યો. આ બાબતમાં ગામમાં ચર્ચા ચાલી અને તેની ખબર હલામણને પડી. તેણે તે ચર્ચા સોનરાણી પાસે કહી જે ઉપરથી તે શાણી રાણીએ રાજકાજમાં પાછું મન પરોવવા

---

* બરડાના ધણીને તાબે તે વખતે બહુતેર ગામ હશે એમ આ ઉપરથી જણાય છે. તે બહુતેર ગામ ક્યાં તે ચોકસ થઈ શકયું નથી.

† કંકોલેલ-એટલે જેમ પીઠી વગેરે ચોળવાનો હાલ ચાલ છે તેમ અગાઉ વરકન્યા આંબળાં કંટોલથી નહાતાં હશે. કંટોલ ઉપરથી કંકોલ અને તે શરીરે લગાવેલ તે કંકોલેલ એમ થયું હશે. હાલ પણ સીમન્તોન્નયનની વિધિ વખતે સગભા સ્ત્રીને આંબળાં કંટોલથી નવરાવવાનો ચાલ કાઠીયાવાડમાં છે.

તેમ જ શિકાર વગેરે મરદાની રમતોમાં ભાગ લેવાનું હલામણના મન ઉપર ઠસાવ્યું. હલામણ પાછો કચેરીમાં જવા લાગ્યો તેમ જ શિકાર કરવા પણ અવારનવાર જવું શરૂ કર્યું પરંતુ પાછો ત્યાંથી રાત પહેલાં વળી આવતો.

શિયાનો સોનરાણી માટેનો પાપી દુરાગ્રહ સમયની સાથે વધતો ગયો અને એક દિવસ હલામણ મોડી રાત સુધી શિકારેથી પાછો નથી ફર્યો એમ ખબર મળવા ઉપરથી તેના મહેલની આસપાસ ચોકી બેસારી અને દરવાણીને એક કાળો ઘોડો તથા કાળો પોશાક આપીને કહેવરાવી રાખ્યું કે હલામણ આવે ત્યારે તેને તે સોંપી દેવાં અને તેને દેશનિકાલ કર્યો છે, એમ કહી દેવું.

સોન રાણીને આ ખબર પડવાથી તેણે પોતાનાં માણસો મારફત સારા વિશ્વાસુ માણસોને ઉંચા પગાર આપવાનું વચન આપીને પોતાના બચાવ માટે સાચવી રાખ્યા અને શિયાને કહેવરાવ્યું કે જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી મારો રાજમેહેલ કબજે કરવાનું સ્વપ્નતુલ્ય સમજજે.

વળતે દિવસે સવારે હલામણ પાછો આવ્યો ત્યારે પોતાના મેહેલની આસપાસ ચોકી દેખી દગો સમજી ગયો અને દરવાણી પાસે ગયો ત્યારે તેણે આંખમાં આંસુ લાવીને કાળો ઘોડો તથા કાળાં કપડાં હલામણને સુપ્રત કર્યાં.

હલામણે પોતાના પિતા તુલ્ય કાકાનો હુકમ જરા પણ આનાકાની વિના શિર પર ચડાવ્યો અને તે કાળાં કપડાં પેહેરી કાળા ઘોડા ઉપર બેસીને ચાલી નીકળ્યો. જતાં જતાં ખાનગી રીતે સોન રાણીને ખબર મોકલ્યા કે મને દેશવટો આપ્યાથી હું જાઉં છઉં, અને તું તારા બચાવ માટે સાવચેત રહેજે. સોનરાણીએ જવાબમાં પોતા માટે નિશ્ચિન્ત રહેવાનું કહેવરાવ્યું તથા નીચેનો દુહો મોકલ્યો.

તન ભણીયું ન ભણાય મન જાળવ્યું જળવાય નહીં,
ઘુંટાય ઘટડા માંય વળી આવો વિણના ધણી.

ભાવાર્થ–હે વિણના* ધણી! તમે તરત વળી આવો, કારણ મારા શરીરની સ્થિતિ વરણવી જાય તેમ નથી. મન જાળવ્યું જળવાતું નથી અને શરીરમાં (જીવ) ઘોળાણા કરે છે.

શિયો હલામણ ઉપર બહુ મમતા રાખતો તેથી હલામણને આશા હતી કે તેનો ગુસ્સો નરમ પડેથી પોતાને પાછો બોલાવશે. તે આશામાં ને આશામાં બે દિવસ સૂધી બગાધાર ઉપર રહ્યો પણ તેને રાજાએ પાછો બોલાવ્યો નહીં, તેમ જ સોનરાણી પણ તેને મળવા આવી શકી નહીં તેથી નિરાશ થઈ નીચેનો દુહો મોકલ્યો.

બેઠા બગાધાર† જાણ્યું મનામણાં આવશે
દેશવટો ધરાળ સાચો દીધેલ શિયાનો

---

* વિણ નહી પણ વેણુ નામનું બરડાના ડુંગરમાં સૌથી ઉંચામાં ઉંચુ એટલે કે ૨,૦૫૭ ફુટ ઉંચું શિખર છે.

† એ નામની કોઇ ધાર હોવી જોઇએ. તેનું ચોકસ સ્થળ જણાયું નથી.

ભાવાર્થ–પાછળથી મનામણાં આવશે એમ જાણીને બગાધાર ઉપર બેસીને વાટ જોઈ પણ હવે તો શિયાએ ઇરાદાપૂર્વક દૃઢ સંકલ્પથી જ દેશવટો દીધો હોય એમ લાગે છે.

આ દુહા ઉપરથી સોન સમજી ગઈ કે હલામણ હવે તરતમાં બગાધારથી ઉપડી જશે તેથી પોતાના રક્ષણ પુરતાં માણસ સાથે લઇને રથમાં બેસી હલામણને મળવા જવા નીકળી. આ વખતનું સોનનું વર્ણન નીચે પ્રમાણે કરેલ છે.

• ચુબકી આળી ચુંદડી અંગપર ઓઢી સાર;
નીસરી સોનલ હાથણી તહાં (ત્યાં) બુમ પડી બજાર.
બુમ પડી બજાર તે સોસરી સજી વેલને* સોનલ નીસરી;
અધ ઘડી હલામણ ઉભો રહે તે કારણ ચુબકી આળી
ચુંદડી સોનલ ઓઢી લીયે.

ભાવાર્થ–શરીર ઉપર ચુબકીવાળી ઉંચી ચુંદડી ઓઢીને સોનલ હાથણી (હાથણીની જેવી ચાલવાળી) નીસરી ત્યારે બજારમાં હોહો થઈ રહ્યું......

સોન રાણી બગાધાર ઉપર જઇને હલામણને મળી ત્યારે બન્નેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. હલામણે સોનને આશ્વાસન આપ્યું અને સમજાવ્યું કે રાજવીરો ઉપર આવાં સંકટ અસાધારણ નથી અને તેમની રાણીઓએ તે સહન કરવા જેટલું ધૈર્ય રાખવું જ જોઇએ. સોન પણ આ વચનો સાંભળી સાવધ થઈ અને દૃઢતાપૂર્વક પતિને જવાની રજા આપી અને કહ્યું કે આપના વિયોગનો સમય હું પ્રભુભક્તિમાં નિર્ગમન કરીશ, સોનને વિદાય કરી નીચેના દુહાથી ધુમલીને જુહાર કર્યા.

મેલ્યું કાળુભાર† કચોળીયું† મેલ્યું ભુજેલું† તળાવ;
જીવતાં (તા) હશું તો આવશું નહીં તો ગઢ ધુમલને જુહાર.

ભાવાર્થ–કાળુભાર તથા કચોળીયું એ બંને મેલ્યાં, ભુજેલું (તળાવ) પણ મેલ્યું (વટાળીને આગળ ચાલ્યો), જીવતા હશું તો પાછા આવશું નહીંતર ધુમલીના ગઢને જુહાર છે.

આગળ ચાલવું શરૂ કર્યું તે અપશુકન થવાથી નીચેનો દુહો બોલ્યો.

માઠે શુકને નીકળ્યા માથે કળેળે કાગ;
જીવતા હશું તો આવશું નહીં તો છેલા ગઢ ધુમલને જુહાર.

ભાવાર્થ–મારે નીકળતી વખતે માઠાં શુકન થાય છે, (કારણ) માથે કાગડો કળેળે છે (બોલે છે; કળેળે એ સ્વરસૂચક શબ્દ છે.) માટે હવે તો જીવતા હશું તો આવશું નહીંતર ધુમલીના ગઢને છેલ્લા જુહાર છે.

---

* રથને ચાર પૈડાં તથા ઉપર બે ઘુમટ હોય છે, જ્યારે વ્હેલને માત્ર બે જ પૈડાં હોય છે અને ઉપર ઘુમટ પણ એક જ હોય છે.

† આ ત્રણે બરડાના જ ડુંગરમાં આવેલાં જુદાં જુદાં તળાવનાં નામ છે.

સોન રાણીએ મોકલેલો દુહો તેટલામાં તેને મળ્યો તે નીચે મુજબ હતો.

સત નર લીયા સામટા નારી કહેવાણી જેહ;
તુજ રક્ષાને કારણે રાજા હાથ ગ્રહી મેં તે.

ભાવાર્થ–સત નર લીયા* સામટા (?)..........જે (માળા) નારી જાતિની છે તે તારી રક્ષા માટે હે રાજા! મેં હાથમાં ગ્રહણ કરી છે (ફેરવવા માટે).

સોન રાણી પાછી વળી ઘુમલી આવી ત્યારે નીચેનો દુહો બોલી.

બળી ઘુમલીની બજાર લ્યાળાવટ લાગી રહી;
ઘડી રહી બેચાર હાલામણ હાલી નીકળે.

ભાવાર્થ–બળી ઘુમલીની બજાર; મને તો તે લ્યાળા (કોયલા) જેવી (વટ–વત્) લાગે છે. (કારણ કે) તેમાંથી બે ચાર ઘડી જ રહીને હલામણ ચાલી નીકળ્યો.

વિરહાવસ્થા અનુભવતી સોનરાણી તેની સખી પ્રત્યે બોલે છે કે:–

હાલો બાની બન ઢુંઢીએ મળી ઉડાડીએ મોર;
એને ટહુકે હાલામણ સાંભરે મારી કટકા કાળજની કોર.
કટકા કાળજની કોર તે થાય ડોલરીયો હાલામણ દેશવટે જાયે;
શિયા તેં વખંડી અમારી જોડ, હાલો બાની બન ઢુંઢીએ.
મળી ઉડાડીએ મોર, ઘટે મોં ઘાલી રાણા રડવું;
તે જેઠવો જાતે, અમને ગજકરણના ઘેલી કહે પડયું.

ભાવાર્થ–ચાલો બાની આપણે વનમાં શોધ કરીએ અને ભેળાં મળીને મોરને ઉડાડી મેલીયે (કારણ) તેના ટહુકાથી મને હલામણ સાંભરી આવે છે; હલામણ કે જે મારા કાળજાનો કટકો છે ડોલરીયો (ડોલર–મોગરાનાં ફુલ જેવો ખુબસુરત) હલામણ દેશવટે જાય છે એ વિચારથી મારું હૃદય કપાઈ જાય છે. અરે શિયા! તેં અમારી જોડને વિખૂટી પાડી છે. ચાલો...........મેલીયે. જેઠવો ગયો તેથી અમને ઘડામાં મોં ઘાલીને રડવું પડે છે (એટલે કોઈ પાસે બહાર કહ્યું નિરર્થક છે) ગજ-કરણના (પુત્ર)એ મને ઘેલી કરી છે (મૂળમાં 'કહે' છે પણ તેમાં 'ર' ને બદલે 'હ' ભૂલથી લખાણો હશે એમ સંભવ છે)

હલામણે ચાલતે ચાલતે ઉત્તરોત્તર ઢેબર, વસ્તુ, અને વેરાડી મુકયાં ત્યારે નીચે પ્રમાણે આશા મુકીને બોલ્યો.

ઢેબરથી† ઢળ્યા ખારે મન ખુચે નહીં;
વસ્તુ‡ વેરાડી ઉતરતે અમને અળગો થયો આભપરો.

---

* માળામાં આદિ તથા અંત દેખાડનાર મોટો પારો રાખેલ હોય છે તેને નર કહે છે. માળામાં તેવો એક નર હોય છે પણ આ "સત નર સામટા"થી શું કહેવા માગે છે તે સમજાતું નથી.

† આ ગામડું બરડાના ડુંગરના ઉત્તર તરફના છેડા ઉપર આવેલું છે અને તે ભાણવડથી પશ્ચિમ તરફ ૩ ગાઉને અંતરે છે.

‡ ગોપના ડુંગરમાંથી નીકળી પોરબંદર સંસ્થાનની ઉત્તર સરહદ આગળ થઇને મીયાણી પાસે સમુદ્રને મળે છે.

ભાવાર્થ—ઢેબરથી પહેલી બાજુ ઉતર્યો; ખારા પ્રદેશમાં મન ખુચતું નથી વરતુ અને વેરાડી (નદીઓ) ઉતર્યો ત્યારે આભપરો અમારાથી અળગો થયો (દેખાતો બંધ થયો).

ત્યાંથી આગળ વધ્યા પછી નીચે પ્રમાણે બોલ્યો:—

ઓખો બરડો ને ધુમલી મેલ્યા ત્રણે દેશ
શિયે જેઠવે છેતર્યા કાઢયા કાળે વેશ.
કાઢયા કાળે વેશ તે હવે શું થાય,
બીચારો હાલામણ દેશવટે જાય,
તે કારણ અમે ભગવો પેર્યો ભેખ.

ભાવાર્થ—ઓખો બરડો ને ધુમલી અમે મેલ્યાં ત્રણે દેશ, ઓખો (ઓખા મંડળ) બરડો અને ધુમલી એ ત્રણે પ્રદેશ મુકયા. શિયે જેઠવે ખરેખર મને છેતર્યો અને કાળે વેશે કાઢયો. કાળે વેશે (દેશવટે) કાઢયો તેથી હવે શું થાય બીચારો હલામણ દેશવટે જાય છે. તે જ કારણ અમે (હલામણે) ભગવો (ભગવાં કપડાં) પહેર્યો. ઓખો......મુકયો.

ચાલતે ચાલતે જ્યારે તે દરિયા કાંઠે પહોંચ્યો ત્યારે દરિયાને મોજાંથી ચાલતો જોઇને બોલ્યો.

સુખ સાગરને ન હોય રાતો દીન રીણારળા (?)
હાલક લોળો હોય હૈયે હાલામણ તણે.

ભાવાર્થ—સાગરને સુખશાન્તિ હોતી નથી કારણ રાત અને દિવસે હાલ્યાં કરે છે. (મોજાંથી) તેવી જ રીતે હલામણના હૈયામાં પણ હાલકલોલક થાય છે.

પાસે જ મોટો મચ્છ (મત્સ્ય—માછલું) જોઇને તેને ઉદ્દેશીને નીચેનો દુહો બોલ્યો.

મછ (મત્સ્ય) તું મહાજળ હોય કયે અવગણ આવીઓ,
એવા સાયર (સાગર) ન હોય ભલ કેતાં અવગણ કરે.

ભાવાર્થ—હે મત્સ્ય! તેં એવો (સાગરનો) શો અવગુણ કર્યો છે કે (તેના બદલામાં) તું આંહી આવ્યો છે તું તો મહાજળમાં હોવો જોઇએ. (તેં અવગુણ કર્યોજ હોવો જોઇએ) કેમકે સાગર એવા નથી હોતા કે ભલું કર્યું હોય છતાં પણ અવગુણ કરે. (વ્યઙ્ગ્યાર્થ એવો નીકળી શકે કે શિયાજીએ મને જોકે દેશવટો અન્યાયથી આપ્યો, પણ સાગર તેવો અન્યાય કરે નહીં.)

મત્સ્યે જવાબ દીધો કે—

સા (ના) નાની સોબતે હાલી મન હળવાં થયાં,
(વિરૂ ગયુ વળે)? મછડો જલમાં દળે રહો.

ભાવાર્થ—નાનાની સોબતે જવાથી મન હલકું થયું. વિરૂ ગયુ વળે?........હું માછલું જળમાં દલાઉં છઉં. (આનો અર્થ સ્પષ્ટ નીકળતો નથી તોપણ તાત્પર્યાર્થ એવો હોવો જોઇએ કે હું કોઈ નાના માછલાની સાથે કાંઠે આવ્યો અને વેળ વળી ત્યારે તે નાનું માછલું પાછું ચાલ્યું ગયું અને હું આંહી ખાબોચીઆમાં રહી ગયો)?

વળી પણ તે મત્સ્યે નીચેનો દુહો કહ્યો.

અરે કુંવર હાલામણ પડે પોશીતાં પાત્ર (?)
તું ઉછર્યો આભપરાના ધણી તો અમ મછ શું માત્ર.

ભાવાર્થ—હે હાલામણ કુંવર (પડે પોશીતાં પાત્ર)? ....તું આભપરાનો ધણી છે તેની આ દશા થઇ તો અમારાં જેવાં માછલાં શું માત્રમાં.

હલામણે તેને જવાબ દીધો કે:—

રામ લક્ષ્મણ બે બાણુવળી સીતા જેવાં સુપાત્ર,
એને વનમાં વસવું પડયું તો માનવી શું માત્ર.

ભાવાર્થ—રામ અને લક્ષ્મણ બે બાણુવળી હતા, સીતા જેવી સુપાત્ર સ્ત્રી હતી એ ત્રણેને પણ વનમાં વસવું પડયું તો સાધારણ માણસની તેવી સ્થિતિ થાય તેમાં શી નવાઈ!

હલામણને પોતાની હદ બહાર જવાનો હુકમ કર્યો હશે, એમ નીચેના દુહા ઉપરથી જણાય છે.

વીસલપરને વાસ અમને વાસો વસાવ્યા નહી,
નહી તો નીત (નિત્ય) રતનાકર નહાત દરશન કરત દેવનાં.

ભાવાર્થ—અમને વીસલપર (વીસાવાડા ?) પણ રહેવા દીધા નહીં. નહીંતર હમેશ સમુદ્રમાં સ્નાન કરત અને દેવનાં દરશન કરત.

હલામણને મીયાણીમાં પણ રહેવું ઠીક પડયું નહી તેની મતલબનો નીચેનો દુહો છે.

હટકયું મન હાલામણ તણું મીયાણીયે મન મોયું (મોહ્યું) નહીં,
કરણ કોઇલા તણે ગાંધવીએ મન ઘેલું કર્યું.

ભાવાર્થ—હલામણનું ખસી ગયેલ મન મીયાણી ઉપર મોહ પામ્યું નહીં. કારણ કોઇલા તણે (કોએલાની ટેકરી ઉપર)?......ગાંધવીએ?......મન ઘેલું કર્યું.

એક માછીમારને જાળ નાંખતો જોઇને હલામણે પોતાનું નામ લઇને જાળ નાંખવા માટે દુહો કહ્યો.

જાળીડા નાંખને જાળ એક હાલામણના નામની
કરમ છે લલાટ કે બહુ તેરૈ બરડે રહ્યાં

ભાવાર્થ—હે જાળ નાંખવાવાળા! એક વાર હાલામણના નામની જાળ નાંખ (જેથી ખબર પડે કે) મારાં કરમ (સારાં નસીબ) સાથે લલાટે છે કે બહુ તેરૈ (બધાંએ?) બરડામાંજ રહ્યાં.

તે માછીમારે જાળ નાંખી અને જાળમાં માછલાંને બદલે મોતી આવ્યાં તે ઉપરથી હલામણે નિશ્ચય કર્યો કે હજુ તેનું સુભાગ્ય ફર્યું નથી. ત્યાર બાદ તે ત્યાંથી ઉપડી કચ્છમાં થઇને સિંધ દેશ કે જ્યાંની રાણી પોતાની ફઈ થતી હતી, ત્યાં ગયા. દેશવટાના લિબાસમાં પોતાની ફઇને મળવાનું દુરસ્ત ન જણાવાથી તે

બજારમાં સારો પોશાક ખરીદવા માટે ગયો તે સમયે રાજકુંવરી દેવળદેવી ત્યાંથી રસાલા સહિત નીકળી અને તેની દાસીએ હલામણને જોઇને નીચેનો દુહો દેવળદેવીને કહ્યો.

કાળો ઘોડા (ડો) કાટવો ભમર ભાલું હાથ
બાઈ મેં જોયો બજારમેં જાણે જેઠવાની જાત.

ભાવાર્થ—હે બાઈ! કાળા ઘોડા ઉપર બેઠેલો, હાથમાં પોલું ભાલું રાખેલું એવા કોઇને મેં બજારમાં જોયો અને તે જેઠવાની જાતનો હોય એમ મને લાગ્યું. (કાટવો અને ભમર એ બેના અર્થ સ્ફુટ નથી.)

કુંવરીએ તે સાંભળીને રથ ઉભો રખાવ્યો અને દાસીને તેનું નામ ઠામ જાણી લેવાનું ફરમાવ્યું. તે ઉપરથી દાસી તેની પાસે જઇને બોલી કેઃ—

અસુરો ઉભો પરખણા, શું છે તારૂં નામ,
કયા રાજાનો બેટડો, કયાં તમારૂં ગામ.

ભાવાર્થ—અસુરો (મોડો મોડો) બજારમાં માલ ખરીદવા ઉભો છે, ત્હારૂં નામ શું છે, તું કયા રાજાનો દીકરો છે અને ત્હારૂં ગામ કયું છે.

હલામણે જવાબ દીધો કેઃ—

અસુરો ઉભો પરખણો, હલામણ મારૂં નામ,
ગજકરણનો બેટડો, ધુમલી મારૂં ગામ.

ભાવાર્થ—અસુરો બજારમાં ખરીદવામાં ઉભો છઉં, તેનું નામ હલામણ છે, ગજકરણનો હું દીકરો છઉં અને મ્હારૂં ગામ ધુમલી છે.

રાજકુંવરીએ તે નામ સાંભળીને પડદો દૂર કરાવ્યો અને મર્યાદા જાળવવાના હેતુથી અત્તરની શીશી વચમાં રાખીને તેને નીહાળીને જોવા લાગી. તેની ખુબસૂરતીથી મોહ પામીને પોતાના ગળામાંનો મોતીનો હાર હલામણના ગળામાં નંખાવ્યો અને નીચેનો દુહો બોલી ચાલી નીકળી.

વાણીયાને હાટ, બે વસ્તુ વીસીરીયું,
એક હૈયાંનો હાર, બીજો હલામણ જેઠવો.

ભાવાર્થ—વાણીયાના હાટ પાસે મેં બે વસ્તુ વીસારી (ખોઇ): એક તો ગળામાંનો મોતીનો હાર અને બીજો હલામણ જેઠવો.

રાજકુંવરીએ દરબારગઢમાં જઇને હલામણ આવ્યાની વાત પોતાની માને કહી, જે ઉપરથી બે ચાર અમીરોને મોકલીને હલામણને દરબારમાં તેડાવ્યો. રાણીએ હલામણની આ સ્થિતિથી આશ્ચર્ય પામીને તેની આ દુર્દશાનું કારણ પુછ્યું. હલામણે અથથી ઇતિ સૂધી બધી આપવીતી આપત્તિ કહી બતાવી. ખાનપાનાદિકથી સાંત્વન આપીને તેને સુવા માટે પલંગ ઢાળવાનો હુકમ આપ્યો, ત્યારે હલામણ બોલ્યો કેઃ—

કુઇ ઢોલીયો મ ઢલાવ, પલંગે મન પા(પો)હે નહીં,
લઈ સાથરડે સુવાર, તોય રૂડું માન રાડી(ધી) આણી

ભાવાર્થ–હે ફુઈ ઢોલીયો ઢળાવ મા. કારણ મારૂં મન પલંગ ઉપર પોઢશે (શાન્તિ થશે) નહીં. જમીન ઉપર મને સુવાડીશ તોયે રાધીયાણી (સોન–રાઘસિંહજીની દીકરી) રૂઠું માનશે (ખીજાશે). (પણ જો રૂઠુંને બદલે રૂડું વાંચીએ તો તો અર્થ સારો નીકળે છે. મને જમીન ઉપર સુવારીશ તોપણ સોન તારો ઉપકાર માનશે. પણ તે અર્થ પાછળની હકીકત સાથે બંધ બેસશે નહીં. તેની ફુઇએ આ દુહા ઉપરથી તેની સોન રાણી ઉપર અત્યાસક્તિ છે એમ જાણીને તેને તે નરમ પાડવા માટે પોતાના ગામની કોઈ સ્વરૂપવાન સુમરી પરણાવવા પ્રયાસ કરે છે. માટે આ દુહો તે અત્યાસક્તિદર્શકજ લેવો જોઇએ તે લેવા માટે રૂડું નહીં પણ રૂઠું (કુઠું) જ પાઠ રાખવો જોઇએ અને પછી અર્થ એમ બેસારાય કે–દેશવટે નીકળ્યા પછી સોન ત્યાં વિરહથી પીડિત છે અને હું પલંગ ઉપર ચઢીને સુઉં એ યોગ્ય નથી. મને તું હેઠે સુવાનું આપીશ તોપણ સોન મારા ઉપર ગુસ્સે થશે તો પછી હું પલંગ ઉપર સુવું તો તો તેને કેટલું ખોટું લાગે. માટેજ પલંગ ઢળાવવાનો હુકમ રદ કરવા હલામણે વિનંતિ કરી.)

ફુઇને તેની આ વાણી ઉપરથી સ્પષ્ટ જણાયું કે તેની સોન રાણી ઉપર અત્યાસક્તિ છે માટે તે નરમ પાડવા માટે એક સ્વરૂપવાન સુમરી તેને પરણાવવી.

રાજાઓએ એક જ રાણીથી સંતુષ્ટ રહેવું યોગ્ય નથી એમ હલામણને સમજાવીને તેની ફુઇએ ગામમાંથી સર્વોત્તમ સુમરીઓને હલામણની પસંદગી માટે ભેળી કરવાનું પૂછવા ઉપરથી હલામણે માત્ર જીજ્ઞાસાથી જ હા પાડી. તે પ્રમાણે બધી સુમરીઓને એકઠી કરી અને હલામણે તે બધીને જોઈ ત્યારે તે નીચે પ્રમાણે બોલ્યો.

લંબા પહેરે ઘાઘરા પેટ ડેફ્રીઉં (?)
હકડી સોનલ મથે ઘોળીઉં સંધજી સુમરીઉ.

ભાવાર્થ–એક સોનલની સાથે સરખાવતાં બધી સિંધની સુમરીઓ ઘોળી (કોઈ ગણત્રીમાં નથી). સુમરીઓ કે જે લાંબા ઘાઘરા પહેરે છે અને જેને પેટ ડેફ્રીઉં (અમુક જાતનાં કાપડાં?) છે. (હકડી અને સંધજી (સિંધની) એ બે પ્રયોગો સિંધ તરફની ભાષાનું અનુકરણ કરવા માટે વાપરેલ લાગે છે. ઘોળીનો છેલ્લો ઉં બહુવચનવાચક છે, ગુજરાતમાં સાધારણ વર્ગમાં તેવા બહુવચનવાચક અક્ષરો બોલાય છે. જેમકે બે બાયડીઉં જતીઉં હતીઉં; આ કેરીઓ સારીઓ છે.)

હલામણના આ વચનથી તેની ફુઇએ એક સૌથી ચઢીયાતી સુમરીને પાછળ રાખી હતી. તેને સારાં લુગડાં લત્તાં પહેરાવીને હલામણ પાસે લાવી તેને જોઇને હલામણ બોલ્યો કેઃ–

આવળ જેવી ઉજળી, દો કુલેનો ભાર,
જેડી તારી સંધજી સુમરી, તેવી માંડપરાની મેઘવાળ.

ભાવાર્થ–આવળ જેવી ઉજળી અને બે ફુલના ભારવાળી, જેવી તારી સિંધની સુમરી છે તેવી તો મારે ત્યાં માંડપરા (મોડપુર)ની મેઘવાળ (ભંગી)ની સ્ત્રીઓ હોય છે. (આવળ જેવી ઉજળી એમ કહ્યું છે તેમાં કટાક્ષ હોય એમ લાગે છે. કારણ

આવળનો રંગ (ફુલનો રંગ કે જે હમેશાં ઉપમાન હોય છે) પીળો હોય છે અને આવળ જેવી ઉજળી એટલે પીળા મોંવાળી એમ કહેવા માગતો હોય.)

આ પ્રમાણે જ્યારે હલામણને કોઈ સ્ત્રી ગણતીમાં ન આવી ત્યારે પછી પોતાની કુંવરી દેવળદેવી તેને પરણાવવાનો નિશ્ચય કરી હલામણ પાસે તે દરખાસ્ત મુકી. આ માંગણી પણ નામંજુર કરવાથી (જેને પરિણામે તેણે ત્યાંથી વખતે નીકળી જવું પડે) તેના દેશવટાના દુઃખમાં વધારો થશે એમ સમજીને તેમ જ એકથી વધારે સ્ત્રી પરણવાનું આચારવિરૂદ્ધ નથી ગણાતું તે વિચારીને, સમયસૂચક હલમણે તે દરખાસ્તમાં પોતાની સંમતિ નોંધાવી. માતુશ્રીએ જ્યારે આમ ધાર્યું ત્યારે સુસંજોગે કુંવરીએ પણ હલામણને બજારમાં જોયો ત્યારથી તેના માટે પક્ષપાત અનુભવ્યો હતો. સુમુહૂર્ત ચોકસ જોવરાવી લગ્નસમારંભ વિધિવત્ કરવામાં આવ્યો. વળતે દિવસ હલામણ સમુદ્રસ્નાન કરવા ગયો ત્યારે એક વાંસ તણાતો તણાતો પોતા તરફ આવતો જોયો. તે વાંસ બરડાના ડુંગરનો જ હોવો જોઇએ એમ કલ્પના આવતાંવારજ હલામણને પોતાની જન્મભૂમિ અને સાથે સાથે સોનરાણી સાંભરી આવી અને નીચેનો દુહો બોલ્યો.

દેસાઈ દીઠે દેશ, વીધન હરાણાં વાંસડા;
ભણને તું ભોમના (ભોમિયા), કાંઈ સંદેશો સોનનો.

ભાવાર્થ—હે વાંસડા ! પોતાનો દેશનો એવો તુંને જોઇને મારાં વિઘ્ન હણાઈ ગયાં છે. સોનરાણીનો કાંઈ સંદેશો છે કે કેમ તે તું કહી દે. (દિસાઈ? વાંચીએ તો સાંઈ દે—કહે એમ અર્થ નીકલે ખરો).

વાંસડાએ જવાબ દીધો કે—

કાપ્યો મને કબાડી, ઝરમાં દીધી ઝોક;
ત્યાંથી લોઢે લેવાણા, સુધ રહિ નહીં સોનની.

ભાવાર્થ—મને કબાડી (લાકડાં કાપવાવાળા) એ કાપ્યો અને પછી દરિયામાં ઝુકાવ્યો (ફેંકયો) ત્યાંથી લોઢે (મોજાંના હીલોળે) લેવાણા તેથી સોનની સુધ રહી નહીં. (લોઢે એ શબ્દ સંસ્કૃત લુઠ-લોટવું આળોટવું એ ધાતુ ઉપરથી હોવો જોઇએ.)

હલામણે બીજું પણ અનુમાન કર્યું કે આજ પર્યંત વાંસ કાપવાની જે મનાઈ હતી તે પણ બંધ થઈ ગઈ લાગે છે અને તે બાબત વાંસડાને પૂછતાં જવાબ મળ્યો કે—

હલામણ હોતે પાદે, (ને) પણ પડતાં નથી;
તે જેઠી રાણ જાતે, વણ વન થયા વાંસડા.

ભાવાર્થ—હલામણ હતો ત્યારે એક પાંદડું પણ ત્રોડી શકાતું નહીં. હવે તે જેઠીરાણાને દેશવટો મળ્યો ત્યારથી વાંસડા વન વન થયા છે (રખડે છે).

વાંસડો દૂર ગયો ત્યારે હલામણ સ્વસ્થ થયો અને મિથ્યાવાદ મુકીને ઘેર આવ્યો.

એ પ્રમાણે કાળ નિર્ગમન કરતે કરતે તેને તે દેવળદેવીથી બે પુત્ર થયા, અને તે બેનાં નામ ચંદ્રસિંહજી અને દેવીસિંહજી પાડયાં.

ધુમલીમાં હલામણ ગયા પછી, સોનરાણીને મેળવી લેવા માટે શિયાએ સામદામાદિ અનેક ઉપાયો કર્યા પણ સતી તેથી ડગી નહીં. જ્યારે જ્યારે શિયાના જુલમાટથી કંટાળતી ત્યારે ત્યારે સતી અંતઃકરણથી તેને શાપ આપતી હતી. તેને પરિણામે શિયાને ટુંક મુદતમાં અસાધ્યરોગ લાગુ પડયો અને થોડાં વર્ષમાં (સાત વર્ષ ?) તે મરણશરણ થયો.

શિયાના મૃત્યુ પછી સોને હલામણના નામનો ડંકો વજડાવ્યો અને મંત્રીને રાજવહીવટ સોંપી પોતે હલામણની શોધમાં નીકળી. શોધતે શોધતે જે ગામમાં હલામણ હતો ત્યાં તે આવી ચઢી. તે ત્યાં આવી તે પ્રસંગે ગામમાં કોલાહલ થઈ રહ્યો હતો જેનું કારણ પૂછતાં કોઇએ ખુલાસો કર્યો કે હલામણ એક વાડીમાં ઝાડની ડાળમાં હીંચકો બાંધીને હીંચકા ખાતો હતો અને તેમ કરતાં એક માળામાં તેણે પગ માર્યો જેમાંથી એક ઝેરી સર્પે તેને દંશ દીધો અને તરત જ ઝેરની અસરથી તે નીચે પડ્યો છે. સોનરાણી ત્યાં જઈ પહોંચી અને હલામણના મોં ઉપરથી વસ્ત્ર ખેસવી નાખીને બોલી કે,

હાવા ડુંગર હેઠ, હાલામણ હીંચોલ્યો નહીં;
હબઢબ રહી હઇયે જેઠવો જોવાની.

ભાવાર્થ—અરે ડુંગર (બરડા)ની નીચે હલામણને કદી હીંચોળ્યો નહીં, જેઠવાને જોવાની બધી આશાઓ મનની મનમાં જ રહી.

દરમીયાનમાં હલામણના ખીજમતદારે ગારૂડીને કયાંકથી શોધી ત્યાં હાજર કર્યો. તેણે કેટલાંક મંતર જંતર વાપરી ઝેર ઉતાર્યું. ઝેરની અસર ઉતરી અને હલામણે આંખ ઉઘાડી ત્યાં સોનરાણીને પાસે બેઠેલી જોઈ, આશ્ચર્ય પામ્યો અને તેની આંખમાંથી હર્ષને લીધે અશ્રુપાત થયો. અરસપરસ કુશળવાર્તાઓ પૂછીને આળાં હૃદયને રૂઝવતાં હતાં ત્યાં દેવળદેવી તથા તેની મા આવી પહોંચ્યાં. હલામણે તે બધાંને સોન સાથે અરસપરસ ઓળખાણ પડાવી અને પછી બધાં રાજમેહેલ તરફ ધામધુમથી ચાલ્યાં. સોન રાણીએ શિયાના મૃત્યુના સમાચાર આપી બધાંને સ્નાન કરાવ્યું, અને તેટલા જ કારણથી પાછા ધુમલી આવી રાજ્યકારભાર સંભાળવાની હલામણને વિજ્ઞપ્તિ કરી. દેવળદેવી તેના પુત્રો સહિત સિંધમાં જ રોકાણી અને હલામણ તથા સોનરાણી બન્ને બરડે જવા નીકળ્યાં. ત્યાં પહોંચી, રાજ્યની લગામ હાથમાં લઇને બાકીની જીંદગી સુખશાન્તિમાં ગાળી.